# ગાંધીનગરને ઠંડીએ બાનમાં લીધુ

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં આજે ઠંડીનો પારો ૮ ડી ગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીનો અનુભવ નગરજનોએ કર્યો હતો. અગાઉ

### છેલ્લા બે દિવસમાં ઠંડીનો પારો ૩ ડી ગ્રી ગગડયો : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત નોંધાયો

ઠંડીનો પારો ૯ ડી ગ્રી સુધી ગગડયો હતો. જયારે સતત બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં દોઢ ડી ગ્રીનો ઘટાડો નોંધાતા આજે પણ ન્યુન્નતમ તાપમાન દોઢ ડી ગ્રી ઘટીને ૮ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. આકરી ઠંડીના લીધે જનજીવન સુન્ન પડી ગયુ હતુ. સાંજ ઢળતા જ નગરમાં સન્નાટો છવાઈ ગયો હતો.

ગાંધીનગર છેલ્લા ત્રણ દિવસથી અસહ્ય ઠંડીની આહોશમાં આવી જતા નગરજનો આકરા કોલ્ડવેવનો સામનો કરી રહયા છે. રોજ બરોજ લઘત્તમ તાપમાનમાં ગિરાવટ જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસમાં જ લુઘુત્તમ તાપમાનમાં ૩ ડી ગ્રીનો ઘટાડો નોંધાયો છે. બે દિવસ પુર્વે લઘુત્તમ તાપમાન ૧૧ ડી ગ્રી હતુ જયારે ગઈકાલે દોઢ ડી ગ્રીના ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન ૯. ૫ ડી ગ્રી નોંધાયુ હતુ જયારે આજે પણ ઠંડીના પારો ગગડયો હતો. ન્યુન્નતમ તાપમાન દોઢ ડી ગ્રી ઘટીને ૮ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ આજે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી અનુભવી હતી. આકરી ઠંડીના લીધે નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. સાંજ ઢળતા જ આકરી ઠંડીના લીધે નગરજનો ઘરમાં પુરાઈ જાય છે. જેના લીધે શહેરમાં દિવસના અંતે રાત્રે સન્નાટો જોવા મળે છે. સેકટરોની શેરીઓમાં પણ સુનકાર જોવા મળી રહયો છે. દિવસ દરમિયાન નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાના લીધે ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જેની અસરના લીધે ગુજરાતમાં પણ કોલ્ડવેવ વધુ આકરા બન્યા છે. વહેલી સવારે પણ અસહ્ય ઠંડીના લીધે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા ઘટી છે. જયારે દિવસ દરમિયાન પણ ઠંડીની અસર વર્તાતા નગરજનો ઠંડીની આહોશમાં આવી ગયા છે. આકરી ઠંડીના લીધે શ્રમિકોની હાલત કફોડી બની છે. શ્રમિક વસાહતમાં રાત્રિના સમયે ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લેવામાં આવી રહયો છે. આકરી ઠંડીના લીધે સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત પણ કફોડી બની છે. શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઉઘાડાઓને ઠંડીથી રક્ષણ પુરુ પાડવા માટે ગરમ કપડાનુ વિતરણ પણ કરવામાં આવી રહયુ છે. દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ત્રણ ગણો તફાવત જોવા મળ્યો હતો. જયારે સવારે ભેજનુ પ્રમાણ પણ વિશેષ ૮૫ ટકા રહયુ હતુ.

**મોસમની રેકર્ડ બ્રેક ઠંડી : પારો ૮ ડિગ્રીએ**



## ગાંધીનગરમાં કોલ્ડ એલર્ટ

ગાંધીનગર, તા. ૫

ગુરૂવારે રાત્રે ગાંધીનગરમાં સીઝનની સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. આગામી દિવસોમાં હજુ વધુ ઠંડી પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકરી ઠંડી પડી રહી છે. આકરી ઠંડીની જનજીવન પર સીધી અસર જોવા મળી રહી છે. સાંજ પડતાં જ જાણે આખુ શહેર સુમસામ થઈ જાય છે. વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહે છે. ઉત્તર ભારતના ઘણાં વિસ્તારોમાં હજુ ગાઢ બરફવર્ષા થઈ રહી છે. જેના કારણે હજુ ઠંડી વધશે. હવામાન વિભાગે કોલ્ડ એલર્ટ જાહેર કરી આકરી ઠંડીની ચેતવણી આપી છે.

## કલોલ નગર પ્રા. શાળા નં. ૯નો પ્રોજેક્ટ 'ગ્રંથમંદિર' ઈન્ડિયા બુક ઓફ રેકર્ઝમાં સ્થાન પામ્યો




ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કલોલ શહેરની નગર પ્રા. શાળા નં. ૯માં ચાલતા જ્ઞાન મંદિર

**ટોપ-૧૦૦માં જિલ્લાની સરકારી પ્રા. શાળાના પ્રોજેક્ટને સ્થાન મળતાં શિક્ષણ જગતમાં ખુશીનો માહોલ**

પ્રોજેકટને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝના ટોપ ૧૦૦માં સ્થાન પ્રાપ્ત થતાં જિલ્લાના શૈક્ષણિક જગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૧ ના તળાવની રોનક નિખારવા માટે વસ્ત્રાપુર લેકનો અભ્યાસ કરાશે

**દાયકાના અંતે પણ તળાવ વિકાસની યોજના સાકાર થઇ નથી : કરોડોના ખર્ચ બાદ પણ તળાવ તરસ્યુ જ રહયુ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં સે-૧ ના તળાવને પીકનીક સ્પોટ બનાવાનુ સ્વપ્ન હજુ સુધી સાકાર થયુ નથી. છેલ્લા એક દાયકાના અંતે પણ સે-૧ તળાવના વિકાસની યોજના હજુ પુર્ણ થઈ નથી. તળાવ વિકાસની યોજના અન્વયે રૂ ૭ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વર્ષોના અંતે પણ સેકટર - ૧ ના તળાવમાં પાણી ભરાતુ નથી. તળાવનુ તળિયુ ખાલીખમ છે. તળિયાની તરસ છીપાતી નથી. ચોમાસા દરમિયાન પણ તળાવની રોનક નિખરતી નથી. તળાવમાં પાણી ભરાયેલુ રહે તે માટે તંત્ર દ્વારા યોગ્ય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. વસ્ત્રાપુર સહીતના તળાવનો અભ્યાસ કરીને આગળ શુ કરી શકાય તે માટે સર્વે હાથ ધરાયો છે.

શહેરમાં સે-૧ ના તળાવને પિકનિક સ્પોટ બનાવાનુ સ્વપ્ન કરોડો રૂપિયાનો ખર્ચ કરીને પણ સાકાર થયુ નથી. સેકટર -૧ ના તળાવને વિકસાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે એક દાયકાથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં માત્ર ૩૮ ટકા જ સફાઈવેરાની વસુલાત નોંધાઈ

**જિલ્લાના ૭૭ ગામોએ ૫૦ ટકાથી વધુ વસુલાત કરતાં સ્વચ્છગ્રામ, સ્વસ્થગ્રામ અન્વયે પ્રોત્સાહક ગ્રાન્ટ મળશે : જિલ્લામાં ૩ ગામોએ જ ૧૦૦ ટકા વસુલાત કરી; ૧૫ ગામોમાં ૮ ટકા જેટલી માંડ વસુલાત**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ૭૭ ગામમાં જ સફાઈ વેરાની વસુલાત ૫૦ ટકાથી વધુ થતાં આ ગામોને રૂ. એક કરોડ ૪૧ લાખથી વધુની રકમ પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે મળશે.

જિલ્લાના જે ૭૭ ગામ સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત પસંદગી પામ્યા છે તેમાં કલોલના ૨૦, માણસાના ૩૩, દહેગામના માત્ર ૭ અને ગાંધીનગર તાલુકાના ૧૭ ગામોનો સમાવેશ થાય છે. સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત પ્રોત્સાહક ગ્રાન્ટ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે અને તે ૨૦૧૬-૧૭ કરતાં ઓછા છે.

સૌથી ચોંકાવનારી હકીકત એવી બહાર આવી છે કે જિલ્લામાં સફાઈ વેરાની વસુલાત માત્ર ૩૮ ટકા જ થઈ છે. જિલ્લામાં ૩૦૩ ગ્રામ પંચાયતો હાલ અસ્તિત્વમાં છે.

જિલ્લામાં સફાઈવેરાની વસુલાતમાં માણસા તાલુકાના ત્રણ જ ગામ એવા છે જ્યાં ૧૦૦ ટકા વસુલાત મેળવી શકાઈ છે. બાકીના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટનો શુભારંભ

**પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ પાટીદાર ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિ તથા ૫૦૦થી વધુ સ્ટોલ્સ, ૩ લાખથી વધુ મુલાકાતીઓનો અંદાજ : મીશન ૨૦૨૬ અંતર્ગત ૧૦ લાખથી વધુ પાટીદાર યુવાનો માટે ઉદ્યોગ અને રોજગારીની તકોનું સર્જન કરવું**

ગાંધીનગર, તા. ૫

સમાજના નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવા, સમાજમાં નવા ઉદ્યોગપતિઓને તૈયાર કરવા અને શિક્ષિત યુવાનોને તાલીમ આપીને સન્માન સાથે રોજગારી અપાવવાના ઉદ્દેશ્ય સાથે સરદારધામ દ્વારા આયોજીત ત્રણ દિવસીય ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટનો આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પ્રારંભ થયો હતો.

ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સરદારધામના પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરિયા સહિતના મહાનુભાવોએ દિપપ્રાગ્ટય સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે દેશ અને વિદેશના પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ પાટીદાર ઉદ્યોગપતિઓને સંબોધન કરતાં ગગજીભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે નારી શક્તિ અને સામાજીક એકતા દ્વારા સમાજ નિર્માણથી દેશ નિર્માણનું અભિયાન શરૂ કર્યું છે. પાટીદારો આ પ્રકારની સમીટનું આયોજન કરનાર પ્રથમ સમાજ છે અને મીશન ૨૦૨૬ અંતર્ગત તલાટીથી માંડીને મંત્રી સુધી તથા કોન્સ્ટેબલથી લઈને આઈએએસ અધિકારી સુધી ૧૦,૦૦૦ પાટીદાર યુવાનોને વહીવટીતંત્રમાં મોકલવાના ઉદ્દેશ્યને સાકાર કરવા માટે દેશ-વિદેશના ૧૦,૦૦૦ જેટલાં પ્રથમ હરોળના ઉદ્યોગપતિઓ પાટીદાર સમાજના દિકરા અન દિકરીઓને રોજગાર માટે દત્તક લેશે.

સમાજ સેવાથી રાષ્ટ્રસેવા દ્વારા શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે સૌ સમાજ વર્ગોને સૌના સાથ સૌના વિકાસના ભાવથી પ્રેરિત થવાનું આહવાન કરતાં મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સમાજ સમાજ વચ્ચે અંતર ઘટાડી હર કોઈ શિક્ષિત-દિક્ષીત-રોજગાર પ્રાપ્ત બને પીડિત-શોષિત-વંચિત પ્રત્યેકને વિકાસના અવસર મળે તે માટે સમાજના વર્ગોમાં રચનાત્મક અભિગમ આવશ્યક છે.

વિજયભાઈ રૂપાણીએ રાજ્યની વિકાસયાત્રાના પાયામાં પાટીદાર સમાજના પ્રદાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ઊદ્યોગ સાહસિકતા, નવું સાહસ કરવાની હિંમત, જોશ અને ધગશને પરિણામે જ આ સમાજ MSME, મેન્યુફેક્ચરીંગ સેકટર, જેવા ઉદ્યોગ ક્ષેત્રે મહત્વનો હિસ્સો ધરાવે છે.

સરદારધામના મહામંત્રી જશવંતભાઈ પટેલ દ્વારા જીપીએસસી અને યુપીએસસી

● અનુસંધાન પાન-૭ પર






**બેસણું**



અમારા પૂજ્ય માતુશ્રી ગં.સ્વ. ગીરજાબેન પોપટલાલ ભટ્ટ. તા ૨૯-૧૨-૨૦૧૭ ને શુક્રવારના રોજ કૈલાસવાસી થયેલ છે. સદ્દગતનું બેસણું તા ૦૭-૦૧-૨૦૧૮ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે.

લિ.

ભાનુ પ્રસાદ પોપટલાલ ભટ્ટ | રમેશચંદ્ર પોપટલાલ ભટ્ટ
અસિતકુમાર પોપટલાલ ભટ્ટ | રાકેશકુમાર જાની (ભાણાભાઈ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે જ રાખેલ છે.
લિ. પુરાણી અંબાલાલ કેશવરામ પરિવાર મુ. ડાભલા.

સ્થાન : વચલી ખડકી, ગ્રીનસીટી સોસાયટી પાસે, આંટામાં, વાવોલ, ગાંધીનગર

**બેસણું**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
**ચંચળબા પ્રતાપસિંહ વિહોલ (પિલવાઈ)**
તા.૨-૦૧-૨૦૧૮ ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. સદ્દગતનું બેસણું તથા સુવાળા તા.૮-૦૧-૨૦૧૮ ને સોમવારના રોજ અમારા નિવાસ સ્થાને સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : ૪૨૮-એ/૨, ગીતાંજલી પાર્ક, અંબાજી ચોક, સેક્ટર-૮/બી, ગાંધીનગર.

લી.
શ્રી કુલદિપસિંહ જશવંતસિંહ વિહોલ
શ્રી ભાવેશસિંહ જશવંતસિંહ વિહોલ
શ્રી ધર્મેન્દ્રસિંહ રણજીતસિંહ વિહોલ
શ્રી મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ વિહોલ Ex. તલાટી મો.૯૪૨૬૨ ૮૪૧૨૧
શ્રી જયરાજસિંહ મહેન્દ્રસિંહ વિહોલ મો.૯૭૨૩૪ ૪૪૫૫૫

**બેસણું**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **પટેલ નાથાભાઈ છગનભાઈ** (દૂધવાળા)
તા.૦૧-૦૧-૨૦૧૮ને સોમવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે.
**સ્વર્ગસ્થનું બેસણું તા.૦૭-૦૧-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : બી.એસ.પટેલ હાઈસ્કૂલ, મું.ઉવારસદ,ગાંધીનગર, ૯૮૨૪૩૩૩૪૦૬

પટેલ ધવલ સુરેશભાઈ | પટેલ સુરેશભાઈ નાથાભાઈ
પટેલ અંકીત ચીનુભાઈ | પટેલ લાલુભાઈ નાથાભાઈ
પટેલ હિરેન ચીનુભાઈ | પટેલ ચીનુભાઈ નાથાભાઈ
પટેલ રમીલાબેન દિલીપકુમાર | પટેલ યોગેશભાઈ નાથાભાઈ
પટેલ ઈન્દીરાબેન દશરથકુમાર

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
પટેલ મહેશભાઈ રમણભાઈ, પટેલ જગદીશભાઈ રમણભાઈ
મું.મેદરા, જી.ગાંધીનગર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com